# ભાષાશિક્ષણમાં ગદ્ય શિક્ષણને આકર્ષક બનાવવાની પદ્ધતિઓ

પ્રા. જ્યોતિબેન કે. તડવી
આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ

## ૧. પ્રસ્તાવના

કોઠારી પંચના કહેવા મુજબ 'ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાય રહ્યું છે'. આ વિધાનને સાર્થક બનાવવા માટે વર્ગખંડમાં બાળકને યોગ્ય શિક્ષણ આપવું એ અનિવાર્ય બન્યું છે. ભાષા શિક્ષણને યોગ્ય રીતે અર્જન કરવા માટે અને શીખવા માટે ભાષા શિક્ષણના કૌશલ્યને યોગ્ય રીતે સમજવું અને વિધાર્થીઓના મનસપટલ સુધી પહોંચાડવા યોગ્ય પદ્ધતિનો ઉપયોગ થાય તે ખૂબ જ જરૂરી બાબત છે. બાળકોને પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધી આ પદ્ધતિઓ દ્વારા શિક્ષણ આપવું જોઈએ. ભાષા શિક્ષણમાં વિવિધ કૌશલ્યો અને પદ્ધતિઓ હોય છે. તેમાંની કેટલીક ગદ્ય શિક્ષણની પદ્ધતિઓ નીચે મુજબ છે.

## ૨. કથન ચર્ચા પદ્ધતિ

ભાષા શિક્ષણમાં કથન ચર્ચા પદ્ધતિ વ્યાખ્યાન પદ્ધતિ તરીકે પણ ઓળખાય છે. આ પદ્ધતિ લાંબા સમયથી ચાલી આવતી પરંપરાગત પદ્ધતિ છે. આ પદ્ધતિના કેન્દ્રમાં શિક્ષક હોય છે. શિક્ષક પોતે વિષયવસ્તુનું જ્ઞાન પ્રાપ્ત કરી શીખે છે અને બોલીને કે વાંચીને રજૂ કરે છે. ભાષા શિક્ષણમાં વિવિધ શબ્દોનો ખ્યાલ આપવા, એકમની ભૂમિકા બાંધવા, લેખકનો પરિચય આપવા અને વિવિધ ઉદાહરણ આપી વિષયવસ્તુનું જ્ઞાન સરળ રીતે રજૂ કરવા માટે કથન ચર્ચા પદ્ધતિ ખૂબ ઉપયોગી નીવડે છે.આ પદ્ધતિમાં શિક્ષક વિધાર્થીઓને સહભાગી બનાવે છે જેથી વર્ગખંડનું વાતાવરણ જીવંત બને છે. જે તે મુદ્દાની યોગ્ય સમજૂતી આપવા માટે યોગ્ય આરોહ અવરોહ, જરૂરી હાવભાવ,યોગ્ય લય અને ઝડપનો ઉપયોગ કરીને વિષયવસ્તુને યોગ્ય ન્યાય આપવાનો પ્રયાસ કરે છે.આમ, ગદ્ય શિક્ષણમાં આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે.

## ૩. કથન ચર્ચા પદ્ધતિનો વર્ગખંડમાં ઉપયોગ કરવાથી થતાં લાભ

- શિક્ષણ કાર્યને અસરકારક બનાવી શકાય છે.
- વિષયવસ્તુને યોગ્ય ક્રમમાં રજૂ કરી શકાય છે.
- શિક્ષક યોગ્ય હાવભાવ અને આરોહાવરોહનો ઉપયોગ કરે છે.
- આ પદ્ધતિ બોધાત્મક તેમજ ચિંતનાત્મક એકમ માટે ઉપયોગી છે.
- વિધાર્થીઓના શ્રવણ કૌશલ્યનો વિકાસ થાય છે.

## ૪. કથન ચર્ચા પદ્ધતિનો વર્ગખંડમાં ઉપયોગ કરવાથી થતાં ગેરલાભ:

- વિધાર્થીના માનસિક વિકાસને ઓછી તક મળે છે.
- આ પદ્ધતિ શિક્ષકકેન્દ્રી હોવાથી વિધાર્થી કંટાળો અનુભવે છે.
- વિધાર્થીઓએ અર્જન કરેલું જાની શકાતું નથી.
- શિક્ષકની નબળી કથન શૈલી તેની મર્યાદા બની રહે છે.

## ૫. પ્રશ્ન પદ્ધતિ

અધ્યયન અધ્યાપન કાર્યમાં પ્રશ્નની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. કહેવાય છે તેમ 'પૂછતા નર પંડિત બને' આ પંક્તિને સમજવા માટે ભગવદગીતાને યાદ કરવું જરૂરી બને છે. આ પદ્ધતિ દ્વારા વર્ગને સ્વર્ગ બનાવી શકાય છે. શિક્ષક પ્રશ્નો પૂછે છે અને વિધાર્થીઓ તેના જવાબ આપે છે. તેથી વર્ગખંડ વ્યવહાર જીવંત બને છે. આ પદ્ધતિ દ્વારા વિધાર્થીઓનું ધ્યાન સારી રીતે કેન્દ્રિત કરી શકાય છે અને સાથે સાથે વિષયવસ્તુને ઊંડાણપૂર્વક સમજાવી શકાય છે.

**૬. વર્ગખંડમાં પ્રશ્ન પદ્ધતિના ઉપયોગથી થતાં લાભ**

- વર્ગ વ્યવહારને જીવંત બનાવી શકાય છે.
- વિદ્યાર્થીઓનું ધ્યાનકેન્દ્રિત કરી શકાય છે.
- શિક્ષણ કાર્યને સરળ બનાવી શકાય.
- શિક્ષણ સક્રિયબને છે.
- વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ઉપયોગી બને છે.
- વિદ્યાર્થીઓની જિજ્ઞાષાવૃતિ સંતોષવા માટે ઉપયોગી છે.

**૭. વર્ગખંડમાં પ્રશ્ન પદ્ધતિના ઉપયોગથી થતાં ગેરલાભ**

- શિક્ષકને સ્પષ્ટ અને સચોટ રીતે પ્રશ્ન પૂછતાં ન આવડે તો હાસ્યાસ્પદ બને છે.
- પ્રશ્ન ભૂલ ભરેલો હોય તો વિદ્યાર્થી મૂંઝવણ અનુભવે છે.
- વર્ગખંડમાં દરેક વિદ્યાર્થી સહભાગી બનતા નથી.
- વિદ્યાર્થીઓનું યોગ્ય મૂલ્યાંકન થતું નથી.

**૮. નાટ્યકરણ પદ્ધતિ**

આ પદ્ધતિમાં ભાષા શિક્ષણ આપવા માટે દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આંખથી જોયેલું, કાનથી સાંભળેલું અને અર્જન કરેલું લાંબા સમય સુધી યાદ રહે છે. નાટ્યકરણ પદ્ધતિ ભાષા શિક્ષણનું અનિવાર્ય અંગ છે. જેને ભાષા શિક્ષણથી ક્યારેય અલગ કરી શકાય નહીં. ભાષામાં ગદ્યની જે કૃતિ હોય તેમાં વિવિધ સંવાદોનો ઉપયોગ કરવામાં આવે છે. ગદ્યના સંવાદને આધારે વિદ્યાર્થીઓને વિવિધ ભૂમિકાઓની સોંપણી કરવામાં આવે છે અને તે મુજબ જે તે વિદ્યાર્થી અભિનય કરે છે. તેના પરિણામ સ્વરૂપ ગદ્ય શિક્ષણને અસરકારક અને રસપ્રદ બનાવી શકાય છે.

**૯. ગદ્ય શિક્ષણમાં નાટ્યકરણ પદ્ધતિના ઉપયોગથી થતાં લાભ**

- દરેક વિદ્યાર્થીઓને અભિનય કરવાની તક મળે છે.
- વિદ્યાર્થીઓમાં સંવાદ કળાનો વિકાસ થાય છે.
- વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી શકાય છે.
- વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.
- શિક્ષણ કાર્યમાં વિદ્યાર્થીઓની સહભાગિતા વધારી શકાય છે.

**૧૦. ગદ્ય શિક્ષણમાં નાટ્યકરણ પદ્ધતિના ઉપયોગથી થતાં ગેરલાભ**

- દરેક વિદ્યાર્થી પાસે અભિનયની કળા હોતી નથી.
- નાટ્ય કળામાં શિક્ષકની કુશળતાનો અભાવ
- વર્ગખંડમાં અશિસ્તના પ્રશ્નો ઊભા થવાની શક્યતા વધે છે.
- સમયની દ્રષ્ટિએ ખર્ચાળ પદ્ધતિ છે.

ભાષાશિક્ષણમાં વર્ગખંડના તમામ વિદ્યાર્થીઓ માટે ગદ્ય શિક્ષણનું જ્ઞાન અસરકારક, રસપ્રદ અને આકર્ષક બનાવવા માટે ઉપરોક્ત મુજબની વિવિધ ભાષાકીય પદ્ધતિઓ મહત્વની ભૂમિકા ભજવે છે.

**સંદર્ભ સૂચિ**

૧.સેવાકાલીન શિક્ષણ તાલીમ સાહિત્ય (2014-2015).